# સાબરકાંઠાના દરેક તાલુકામાં વર્ષારાણીની પધરામણી

હિંમતનગર, તા. ૧૧

ઉત્તર ગુજરાત સહિત સમગ્ર રાજ્યમાં બે દિવસથી શરૂ થયેલા ધીમીધારના વરસાદને પગલે છેલ્લા ચોવીસ કલાકમાં સાબરકાંઠાના ૧૩ તાલુકામાં ક્રમશઃ સારો વરસાદ નોંધાયો હતો અને આઠ ડેમો છલાકાયા હતા જ્યારે એકનું મોત થયું.

પ્રાપ્ત માહિતી અનુસાર સાબરકાંઠા જિલ્લાના તેર તાલુકામાં છેલ્લા ચોવીસ કલાક દરમ્યાન બાયડમાં ૪૬ મી.મી. ભિલોડામાં ૧૪૯ મી.મી., ધનસુરામાં ૯૮ મી.મી., ઈડરમાં ૨૨૭ મી.મી., ખેડબ્રહ્મામાં ૨૬૭ મી.મી., માલપુરમાં ૧૧૫ મી.મી., મેઘરજમાં ૧૭૮ મી.મી. અને હિંમતનગરમાં ૧૦૪ મી.મી. વરસાદ નોંધાયો હતો. જ્યારે ચોવીસ કલાકથી પડતા વરસાદને કારણે જિલ્લાના આઠ ડેમોમાં પાણીની આવક નોંધાઈ હતી. જેમાં વાત્રકમાં ૧૫૫૦, ગૃહાઈમાં ૩૦૦, માઝુમમાં ૧૦૦, લોડમાં ૧૨૪, હરણાવમાં ૨૫૦૨, મેશ્વોમાં ૨૦૦, વૈડીમાં ૧૦૦ અને ખેડવામાં ૬૦૦ ક્યુસેક પાણીની આવક થઈ હતી. ધીમી ધારે થતા એકધારા વરસાદમાં મોડાસાના મુલોજ ગામના વાઘાના પાણીમાં મંગળવારના રોજ અરજનભાઈ રાવળ તણાઈ ગયા હતા જેમનો મહા મુસીબતે મૃતદેહ કલાકો બાદ નિકાળવામાં આવ્યો હતો.



## ડીસા તાલુકાના ૬ તલાટી અને ૨ વિસ્તરણ અધિકારીનો વિદાય સમારોહ યોજાયો

ડીસા તાલુકા પંચાયતમાં ૬ તલાટી અને ૨ વિસ્તરણ અધિકારીનો વિદાય સમારંભ જિલ્લા વિકાસ અધિકારીના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. જેમાં નાયબ ડીડીઓ ડી.આર. બુચ, ડીસા મામલતદાર ગઢવી, ડીસા ટીડીઓ ડગલા, જિલ્લા તલાટી મંડળના પ્રમુખ લક્ષ્મણભાઈ કરેણ, એમ.જી. વાયડા, તમામ નાયબ મામલતદારો, કચેરીનો સ્ટાફ સહિત મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં. વય નિવૃત્ત વિસ્તરણ અધિકારી ડી.ડી. કુંભાર તથા કે.ડી. પ્રજાપતિ તેમજ તલાટી એસ.એફ. ધાસુરા, કે.જી. ચૌહાણ, એચ.આઈ. સિંધી, બી.ઝેડ. રાઠોડ, બી.એમ. પંડયા, એમ.એમ. પટેલને ડીડીઓના હસ્તે શાલ ઓઢાડી શ્રીફળ આપી સન્માન કરવામાં આવ્યું હતું. તલાટી મિત્રોએ ફુલહારથી તમામને સન્માનિત કર્યા હતા. વય નિવૃત્ત મદદરૂપ ભાઈ જોષી તથા વિરચંદભાઈ મહેતાનું શાલ અને શ્રીફળ વડે સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા તલાટી મિત્રો તેમજ સ્ટાફે જહેમત ઉઠાવી હતી. સંચાલન શૈલેષભાઈ ત્રિવેદી અને એસ.કે. ત્રિવેદીએ કર્યું હતું. તલાટી મંડળના પ્રમુખ ધાસુરા નિવૃત્ત થતા તેમની જગ્યાએ નવા પ્રમુખ તરીકે એલ.એમ. શર્માની નિમણુંક કરવામાં આવી હતી. (ફોટો : કાન્તિલાલ લોધા, ડીસા)

# ડીસા પાલિકાનું પ્રી મોનસુન પ્લાન નિષ્ફળ : શહેરમાં ઠેર ઠેર વરસાદી પાણી ભરાતા રોગચાળાની ભીતી

ડીસા, તા. ૧૧

ડીસામાં છેલ્લા ૨૪ કલાકમાં ત્રણ ઈંચ જેટલો વરસાદ ખાબકતા ડીસા નગરપાલિકા વિસ્તારમાં ઠેર ઠેર વરસાદી પાણીના ભરાવાથી રોગચાળો ફેલાવાની દહેશત ઉભી થઈ છે અને પાલિકા તંત્રનો વરસાદી પાણીનો નિકાલ માટેનો પ્રો મોનસુન પ્લાન નિષ્ફળ નીવડેલ છે.

શહેરના અનેક વોર્ડોમાં વરસાદી પાણીના ભરાવાથી જનજીવન અસ્ત વ્યસ્ત બનેલ છે. જેની વિગતો જોઈએ તો ડીસા નગરપાલિકા દ્વારા વરસાદી પાણીના નિકાલ માટે અને શહેરીજનોને અગવડતા ન પડે અને પાણીનો નિકાલ થઈ જાય અને તે માટે પ્રો મોનસુન પ્લાન ઘડવામાં આવ્યો હતો.

૨૪ કલાકમાં ડીસા વિસ્તારમાં પડેલા ત્રણ ઈંચ વરસાદે પાલિકાની પોલ ખોલી દીધી છે. કેમ કે માત્ર સિઝનના પ્રથમ ત્રણ ઈંચ વરસાદમાં જ શહેરના રેજીમીન્ટ ખાડીયા વિસ્તાર, શિવનગર વિસ્તારમાં પાણીનો ભરાવો થતાં કાદવ-કીચડ એ ગંદકીના ખડકલા જામ્યા હતા. જેની સફાઈ મામલે પાલિકા તંત્ર દ્વારા કોઈ જ પગલાં ન લેવાતા આ તમામ વિસ્તારો ગંદકીથી ખદબદી રહ્યા છે અનેક વિસ્તારોમાં પીવાના પાણીની પાઈપલાઈનોમાં ભંગાણ સર્જાતા ગંદું પાણીનું ગળતર પીવાના પાણી સાથે થતાં રોગચાળાનો ભય ફેલાયો છે અને શહેરના તમામ વિસ્તારના રહીશો પાલિકા તંત્રના નિષ્ફળ નીવડેલા પ્રી. મોનસુન પ્લાન ભારે ટીકા કરી રોષ ઠાલવી રહ્યા છે. આમ, નગરપાલિકા તંત્રના પ્રી મોનસુન પ્લાનની અત્યારથી જ પોલ ખુલી જતા નગરજનોમાં રોગચાળાનો ભય ફેલાયો છે.



## બનાસકાંઠા જિલ્લામાં જળબંબાકાર

રાજ્યમાં વરસી રહેલા વરસાદે છેલ્લા ચોવીસ કલાકમાં ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં સાર્વત્રિક રીતે વરસાદ વરસાવ્યો છે. રાજ્યના ૧૦૩ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ થયો છે. જેમાં ૪૨ તાલુકાઓમાં બેથી અગિયાર ઈંચ અને ૬૧ તાલુકાઓમાં અડધાથી એક ઈંચ વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે.

રાજ્યના ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલ મુજબ આજે તા. ૧૧-૭-૨૦૧૨ને સવારે ૭-૦૦ કલાકે પૂરા થતાં ચોવીસ કલાક દરમિયાન ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ તાલુકામાં ૨૮૦ મી.મી. એટલે કે ૧૧ ઈંચથી વધુ, દાંતામાં ૨૪૫ મી.મી., સાબરકાંઠાના ખેડબ્રહ્મામાં ૨૬૭ મી.મી. એટલે કે ૧૦ ઈંચથી વધુ ઈડરમાં ૨૨૭મી.મી એટલે કે ૯ ઈંચથી વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે.

જ્યારે ભીલોડા તાલુકામાં ૧૪૯ મી.મી., બોરસદમાં ૧૪૫ મી.મી. એટલે કે ૬ ઈંચ, પાલનપુરમાં ૧૩૫ મી.મી., વડગામમાં ૧૨૬ મી.મી., સતલાસણામાં ૧૩૪ મી.મી.,, મેઘરજમાં ૧૨૫ મી.મી., વડાલીમાં ૧૨૦ મી.મી., ખંભાતમાં ૧૩૦ મી.મી., દાહોદમાં ૧૨૫ મી.મી. એટલે કે પાંચ ઈંચથી વધુ અને હિંમતનગરમાં ૧૦૪ મી.મી., માલપુરમાં ૧૧૫ મી.મી., આંકલાવમાં ૧૦૫ મી.મી., ધનસુરામાં ૯૮ મી.મી. એટલે કે ચાર ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે.

# પ્રાંતિજ તાલુકાની તાજપુર કૂઈ શાળાનો વિદ્યાર્થી રોડ ક્રોસ કરતાં કારની અડફેટથી મોત

## અકસ્માત નિવારવા બ્રેક બ્રેકર, રેલીંગ મુકવા ઉગ્ર માંગ

ચિલોડા, તા. ૧૧

ચિલોડાથી હિંમતનગર નેશનલ હાઈ-વે ૮ પર એપ્રોચ રોડથી જોડાયેલા ગામો તથા શૈક્ષણિક સંસ્થાઓ, વ્યાપારી સંકુલો માટે માર્ગ પરથી પૂરઝડપે જતા વાહનો દ્વારા અકસ્માતો થતાં જીવલેણ પુરવાર થઈ રહ્યા છે. જેમાં છાલા-ચંદ્રાલા તથા તાજપુર કૂઈ ખાતે રોડ ક્રોસ કરતાં રાહદારીઓના જાન ગુમાવવાના બનાવો વધુ ચિંતાજનક બની રહ્યા છે. તેવો એક બનાવ પ્રાંતિજ તાલુકાની તાજપુર કૂઈ પર આવેલી એક શાળાનો ધો. ૧૨માં અભ્યાસ કરતો યુવાન ઠાકોર પ્રવિણજી ભીખાજી તા. ૯મી જુલાઈના રોજ બપોરની રીસેસમાં શાળામાં આવવા રોડ ક્રોસ કરવા જતાં મજરાથી પ્રાંતિજ તરફ જતી કારે અડફેટમાં લેતાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. ત્યારે શાળાના આચાર્યશ્રી તથા સ્ટાફ પરિવારે તુરત જ સારવાર અર્થે પ્રાંતિજ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં લઈ જવાયો હતો. ત્યારબાદ વધુ સારવાર માટે હિંમતનગર સિવિલ હોસ્પિટલે લઈ જતાં તેનું દુઃખદ કરૂણ મોત નીપજ્યું હતું.

જ્યારે અકસ્માત કરનાર કારચાલકની પ્રાંતિજ પોલીસે અટકાયત કરી તેની વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ સમય દરમ્યાન શાળાના આચાર્યશ્રી સ્ટાફ પરિવાર, આજુબાજુ ગામના અગ્રણી આગેવાનોએ જીવલેણ અકસ્માતો નિવારવા સ્પીડ બ્રેકર, રેલીંગની વ્યવસ્થા કરવા લાગતાવળગતા સત્તાવાહકોને લેખીતમાં રજૂઆત કરવાની તજવીજ હાથ ધરી હતી. આ વિદ્યાર્થીના દુઃખદ અવસાનથી ઊંડા શોક અને આઘાતની લાગણી પ્રસરી જવા પામી છે.

# વરસાદના આગમન સાથે ગ્રામ્ય વિસ્તાર અને નગરોમાં ગંદકીનો ઉપદ્રવ વધ્યો

હિંમતનગર, તા.૧૧

સાબરકાંઠામાં સર્વત્ર મેઘમહેર થતાં કિસાનો હરખાયા છે. જિલ્લાના તમામ ગ્રામ્ય પ્રદેશો અને નગરોમાં વરસાદી માહોલ જામતાં જ વિકાસના બણગા મારતા હોદ્દેદારોની વરસાદના એક જ ઝાટકે પોલ ઉઘાડી પડી જવા પામી છે.

ટીપી સ્કીમમાં મુકાયેલ હિંમતનગરની સ્થિતિ દયનીય છે. ઠેર ઠેર પાણી ભરાયા છે. ગટરના કામોની પોલ ખુલી જવા પામી છે. ખોદકામવાળા કેટલાય વિસ્તારો પાણી અને ગંદકીથી ખદબદતા થઈ ગયા છે.

તમામ સોસાયટીઓમાં પાણીનાં સરોવર ભરાયા હોય તેમ સર્વત્ર પાણી જ પાણી ભરાઈ ગયા છે. ગટર તથા વરસાદી પાણી એક થઈ ગયાના બનાવો પણ બનવા પામ્યા છે. બજારમાં તેમજ નગરપાલિકા સામેય પાણી ભરાયા છે. ગરીબ વસાહતોના રહેણાંકમાં પણ પાણી ભરાયા છે. હિંમતનગર નગરપાલિકા દ્વારા જો સમયસર પાણીનો નિકાલ નહીં કરવામાં આવે તો હિંમતનગરને વિપરીત પરિસ્થિતિનો સામનો કરવો પડશે.

ભરાયેલા પાણીના નિકાલ માટેના નગરપાલિકાના પ્રયાસો બોદા પડતા અન્ય ગરનાળા કે લાઈનોમાં પાણીનો નિકાલ કરવામાં આવે છે જેના લીધે પરિસ્થિતિ સાવ વણસી ગઈ છે.

નગરપાલિકાની નગરને સ્વચ્છ સુંદર બનાવવાની વાતો વરસાદે એક જ ઝાટકે ખુલ્લી પાડી દીધી છે.



## વિશ્વ વસતિ દિન નિમિત્તે કલોલમાં રેલી યોજાઈ

જિલ્લા આરોગ્ય તંત્રના માર્ગદર્શન હેઠળ બ્લોક હેલ્થ કચેરી, કલોલ ખાતે ૧૧ જુલાઈ-૨૦૧૨ વિશ્વ વસતિ દિન ઉજવણી અન્વયે કલોલમાં એક ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વખારીયા હાઈસ્કૂલના બાળકો, બ્લોક હેલ્થ સ્ટાફ તથા અર્બન હેલ્થ સ્ટાફ દ્વારા 'ખુશાલીનો આધાર, નાનો પરિવાર,' 'નાનુ કુટુંબ, સુખી કુટુંબ' જેવા સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. વિશ્વ વસતિ દિન અંતર્ગત યોજાયેલી રેલીમાં કલોલના પ્રાંત ઓફિસર હિમાશુ પટેલ દ્વારા રેલીને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. મામલતદાર સુધીરભાઈ પટેલ, મ્યુનિસિપલ હોસ્પિટલ અધિક્ષક ગૌસ્વામીભાઈ, જિલ્લા આઈ.ઈ.સી. અધિકારી ચેતનાબેન પટેલ, વખારીયા હાઈસ્કૂલના આચાર્યા આર.આર. પટેલ તેમજ બ્લોક હેલ્થ કચેરીના બી.આઈ.ઈ.સી.ઓ. ડી.જી. પટેલ,સુપરવાઈઝર રાજુભાઈ પટેલ, જીતુભાઈ શ્રીમાળી, વખારીયા હાઈસ્કૂલના શિક્ષકગણ, બ્લોક હેલ્થના કર્મચારીઓ તથા અર્બન હેલ્થના કર્મચારીઓ, સી.બી.એચ.વી. રેલીમાં જોડાયા હતા અને રેલી સફળ બનાવી હતી.

## પાલનપુરના બાલારામ મંદિરના સાધ્વીને સર્પે ડંશ માર્યો

પાલનપુર, તા. ૧૧

પાલનપુરના પવિત્ર યાત્રાધામ બાલારામ ખાતે આવેલ બાલા હનુમાન મંદિરમાં સાંજના સમયે સફાઈ કરીને મંદિરમાં પૂજા કરવા ત્યાંના જ સાધ્વી મીરાગીરી બેઠા હતા. દરમિયાન અચાનક જ મંદિરમાં છુપાયેલ એક કાળોતરા સાપે ડંશ મારતા સાધ્વી બેભાન થઈ ગઈ હતી. આસપાસના અન્ય સાધુ અને સાધ્વીઓએ આ દશ્ય જોતા તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ લઈ ગયા હતા. જ્યાં હાલ સાધ્વી સારવાર હેઠળ છે.

## થરા પ્રાથમિક શાળા-૨માં ગુરૂવંદન છાત્ર અભિનંદન કાર્યક્રમ યોજાયો

થરા, તા. ૧૧

ભારત વિકાસ પરિષદ થરા શાખા દ્વારા ચાલુ વર્ષે તાલુકાની થરા પ્રાથમિક શાળા નં. ૨ માં ગુરૂવંદન છાત્ર અભિનંદન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં આમંત્રિત મહાનુભાવો અને શિક્ષકો સહિત વાલીઓ-વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ભારત વિકાસ પરિષદ થરા શાખાના ઉપક્રમે આયોજીત ગુરૂવંદન છાત્ર અભિનંદન કાર્યક્રમની ઉજવણીના પ્રારંભે થરા પ્રાથમિક શાળાના આચાર્ય સૂડાભાઈ દેસાઈએ સર્વે આમંત્રિત મહાનુભાવોનું સ્વાગત કરી ભારત વિકાસ પરિષદની સંસ્કારલક્ષી પ્રવૃત્તિઓને બિરદાવી પ્રસંગોચિત વક્તવ્ય આપ્યું હતું. જ્યારે શાળાના ઉત્સાહી શિક્ષક પાર્વતીબેન પટેલ અને મહેશભાઈ કાસુન્દ્રા તથા વિદ્યાર્થી જયદિપસિંહ ઝાલા અને ઉમંગ પટેલનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે થરા પ્રાથમિક શાળા નં. ૨ ના પ્રમુખ મિતલભાઈ ઠક્કર, મંત્રી ઘનશ્યામભાઈ પટેલ, પોપટભાઈ પંચાલ જે.બી. જોષી સહિત પ્રહલાદભાઈ ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.


ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

Nirmala Tyres

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES | APOLLO TYRES

રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે

ઉપલબ્ધ સેવાઓ :

- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.

ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

ટચૂકડી જાહેર ખબર

અઢળક નાણાં કમાઓ

વિદ્યાર્થી, ગૃહિણી, રીટાયર્ડ, અભણ, દિવસના ૨/૪ કલાક કામ કરીને ૭ દિવસના રૂ. ૬૦,૦૦૦/- સુધી કમાઓ

મો. : ૯૦૩૩૨૩૨૧૬૩

(અમૂલ્ય તક ૧૦૦%)

જોઈએ છે

અડાલજ માટે સિક્યુરીટી ગાર્ડ જોઈએ છે.

સંપર્ક : ૯૯૨૪૧ ૨૭૬૦૧

સંપર્ક : ૯૮૨૫૭ ૪૫૬૭૭

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧


ફોર્મ "ગ"

## જાહેરનામું

મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

જમીન સંપ્રાપ્તી અધિનિયમ ૧૮૯૪ (સને ૧૮૯૪નો ૧લો)

જીલ્લો : ગાંધીનગર  તારીખ : ૨૨ માર્ચ, ૨૦૧૨

નંબર : અમ/૨૦૧૨/૩૬/મ/જમહ/૧૫૧ઘ/૨૪૮/ઘ

ભારતના બંધારણની કલમ : ૨૫૮ના ખંડ (૧) અન્વયે પાડવામાં આવેલ ભારત સરકારના ખેતી (ગ્રામ્ય વિકાસ વિભાગ) મંત્રાલયના તારીખ ૨૦-૮-૮૭ના જાહેરનામા નં. ૧૨૦૧૧/૩૨/૧૭/૮૪/એસ. આર. ડી. / એસ.ઓ. / ૭૮ (ઈ) દ્વારા ગુજરાત રાજ્યના પ્રદેશમાં સંઘના હેતુ માટે જમીન સંપાદન સંબંધમાં સને ૧૮૯૪ના જમીન સંપાદન અધિનિયમ (સને ૧૮૯૪નો ૧લો) હેઠળના કેન્દ્ર સરકારના કાર્યો ગુજરાત સરકારને સોંપવામાં આવ્યા છે. એથી આ સાથેની અનુસુચિમાં દર્શાવવામાં આવેલી જમીન / જમીનોની જાહેર હેતુ જેમ કે તેલ અને કુદરતી વાયુ કોર્પોરેશન લીમીટેડ અમદાવાદ એસેટ દ્વારા સારકામ નંબર KLKC (KL#542) માટે જરૂર પડવાનો સંભવ છે. તેમ ગુજરાત સરકારને લાગે છે.

(૧) આથી જમીન સંપાદન અધિનિયમ, ૧૮૯૪ (સને ૧૮૯૪નો ૧લો)ની કલમ-૪ની જોગવાઈઓ હેઠળ જાહેર કરવામાં આવે છે કે, ઉક્ત જમીન / જમીનોની ઉપર દર્શાવવામાં આવેલ હેતુ માટે જરૂર પડવાનો સંભવ છે.

(૨) ઉક્ત જમીન / જમીનોમાં હિત ધરાવતી બધી વ્યક્તિઓને આથી ઉક્ત જમીન / જમીનો ઉપર ઉક્ત જમીન સંપાદનના હેતુ માટે રોકવામાં આવેલ કોઈપણ થાપણદારો અથવા બીજી વ્યક્તિઓની કામગીરીમાં અડચણ અથવા દખલ નહીં કરવાની ચેતવણી આપવામાં આવે છે. આ જાહેરનામાની તારીખ પછી કલેક્ટરની મંજુરી વિના જમીન / જમીનોના વેચાણ, પેટા, નામફેર કે વિનિમય દ્વારા અથવા બીજી કોઈ પણ રીતે નિકાલ અંગે કરવામાં આવેલ કોઈપણ કારણસર કરાર અથવા જમીન / જમીનોમાં કરવામાં આવેલ કોઈપણ સુધારા કે ખર્ચ ઉક્ત જમીન / જમીનોના છેવટે સંપાદન કરવામાં આવે તેવા ભાગો વળતરણની આકારણી કરતા અધિકારી ઉક્ત અધિનિયમની કલમ-૨૪ (સાતમું) હેઠળ ધ્યાનમાં લેશે નહીં.

(૩) ગુજરાત સરકારને એવી ખાતરી થાય કે ઉક્ત જમીન / જમીનો આગળ જણાવેલ હેતુ માટે જરૂરી છે. તો યોગ્ય સમયગાળાની અંદર ઉક્ત અધિનિયમની કલમ-૬ હેઠળ એ મતલબનું આખરી જાહેરનામું ગુજરાત સરકારના ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવશે. જમીન સંપાદન અંશતઃ અથવા સંપૂર્ણ પણે પડતું મુકવામાં આવશે તો એ હકીકત પણ ગુજરાત સરકારના ગેઝેટમાં કાયદા અનુસાર પ્રસિદ્ધ કરવામાં આવશે.

(૪) આથી ગુજરાત સરકાર અધિનિયમ, ૧૮૯૪ની કલમ-૩ના ખંડ (ગ) હેઠળ ખાસ જમીન સંપાદન અધિકારી, તેલ અને કુદરતી વાયુ કોર્પોરેશન લીમીટેડ અમદાવાદને ઉક્ત અધિનિયમની કલમ-૫ (ક) હેઠળ ઉક્ત જમીનો સંબંધમાં કલેક્ટરના કાર્યો બજાવવા નીમે છે.

### અનુસુચિ

જીલ્લો : ગાંધીનગર  તાલુકો : ગાંધીનગર  ગામ : દંતાલી

| ક્રમ નંબર | સર્વે નંબર બ્લોક નંબર | જરૂરી જમીનનો આશરે વિસ્તાર | | | જે જાહેર હેતુ માટે જરૂર છે તે જાહેર હેતુ |
|---|---|---|---|---|---|
| | ૧ | ૨ | | | ૩ |
| ૧ | ૬૭-બ | ૦૦ | ૦૯ | ૦૦ | તેલ અને કુદરતી વાયુ કોર્પોરેશન |
| ૨ | ૬૮ | ૦૦ | ૨૧ | ૦૬ | લીમીટેડ, અમદાવાદ પ્રોજેક્ટ |
| ૩ | ૬૯ | ૦૦ | ૩૧ | ૮૦ | ચાંદખેડાના સારકામ નંબર |
| ૪ | ૭૦ | ૦૦ | ૨૮ | ૩૪ | KLKC (KL#542) |
| ૫ | ૭૧ | ૦૦ | ૧૨ | ૫૦ | એલ.એ.ક્યુ. કેસ નંબર |
| | કુલ | ૦૧ | ૦૨ | ૭૦ | ૧૭/૨૦૧૧/કે |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

સહી/-

(એલ. જે. ત્રિવેદી)

ક્રમાંક/સંમાનિ/અબદ/૧૩૧/૨૦૧૨  સરકારશ્રીના ઉપસચિવશ્રી